# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૪-૧૦-૨૦૧૨**

- **કોંગ્રેસની સરકાર ગુજરાતમાં આવશે તો ગેસના ૧૨ બાટલા સબસીડી આપીને સસ્તા દરે ગુજરાતીને અપાશે.**
- **રામના નામે કે કામના નામે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને મત મળે તેમ નથી માટે વિવેકાનંદજીનું નામ વટાવીને રાજકીય રોટલો શેકે છે.**
- **ગુજરાત સરકારે એવું કશું જ કામ કર્યું નથી કે જેના આધાર પર ગુજરાતમાં મત માંગી શકાય અને માટે કેન્દ્ર સરકાર વિરુદ્ધના જૂઠ્ઠાણાં બોલાય છે.**
- **સાણંદ ખાતેની પશુ સંવર્ધન યુનિવર્સિટી માટેની ઉત્તમ જમીન માનીતા ઉદ્યોગપતિને મફતમાં આપી દેવામાં આવી છે.**
- **અમદાવાદ અને સાણંદ વચ્ચે ૧૦૦ એકર જમીન માનીતા ઉદ્યોગપતિને ટાઉનશીપ બનાવવા માટે આપવાને બદલે જો ગૃહિણીઓના ઘરના ઘર બનાવ્યા હોત તો સાણંદ વિસ્તારની એકપણ મહિલા ઘર વગરની ન રહી હોત.**
- **ગુજરાતમાં સહુનો સાથ લઈને માત્ર માનીતાનો વિકાસ થયો છે.**

આજે અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે કોંગ્રેસના કાર્યકર્તાઓ અને આગેવાનોની વિશાળ સંખ્યાની એક મિટીંગને સંબોધન કરતાં વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, સાણંદની જમીન પર ગુજરાત રાજ્યના પશુઓની સારવાર માટે સંશોધન અને વ્યવસ્થાની ઉત્તમ યુનિવર્સિટીનું નિર્માણ કરવાનું હતું. ગુજરાતની સરકારે ગૌવંશના નામે રાજકારણ કર્યું, પરંતુ ગૌવંશ માટે અત્યંત ઉપયોગી બની રહે તેવી યુનિવર્સિટી સાણંદ પાસેથી છીનવી લઈને મફતના ભાવે આ જમીન માનીતા ઉદ્યોગપતિ ટાટાને પધરાવી દીધી છે. સાણંદ ખાતેના નેનો પ્લાન્ટ માટે અપાયેલી પશુ સંવર્ધન યુનિવર્સિટીની જમીન કે જેની કિંમત કરોડો રૂપિયા થાય છે તે મફતના ભાવે આપ્યા પછી પણ ભાજપની સરકારને સંતોષ ન થયો અને તેથી સાણંદ અને અમદાવાદ વચ્ચે પ્લાન્ટ ઉપરાંત ૧૦૦ એકર જમીન ટાઉનશીપ બનાવવા માટે આપી દેવામાં આવી છે. આ ટાઉનશીપ બનાવવાને બદલે જો ગુજરાતની સરકારે ગૃહિણીઓના ઘર બનાવ્યા હોત તો સમગ્ર સાણંદ મતવિસ્તાર અને અમદાવાદની પણ અનેક બહેનોને ઘરનું ઘર પ્રાપ્ત થઈ ગયું હોત. ગુજરાત સરકારે સહુનો સાથ લેવાની વાત કરીને માત્ર માનીતાનો વિકાસ કર્યો છે.

ગુજરાતમાં આમ આદમી પર કરનું સૌથી વધારે ભારણ નાંખીને માત્ર માનીતાઓને જ ગુજરાતની તિજોરી લૂંટાવી છે. દેશની કોંગ્રેસશાસિત સરકારોએ પોતાના રાજ્યના પરિવારોને સબસીડાઈઝ એટલે કે સસ્તા ગેસના બાટલા પૂરા મળી રહે તે માટે ૯ ગેસના બાટલા આપવાની શરૂઆત કરી દીધી છે, જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની જનતાને એકપણ બાટલો સસ્તા દરે આપવાની જાહેરાત કરી નથી. માત્રને માત્ર જૂઠ્ઠાણાંઓ અને કેન્દ્ર સરકાર પર દોષારોપણ કરીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આમ ગુજરાતીને કોઈપણ રાહત ગેસના બાટલામાં આપી નથી. ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે તો ૬ બાટલા કેન્દ્ર સરકાર સબસીડી આપીને ગુજરાતની જનતાને આપશે અને બાકી જરૂરિયાત મુજબની બોટલો એ ગુજરાતની કોંગ્રેસની સરકાર સબસીડી આપીને ગુજરાતની જનતાને આપશે. એટલે કે વર્ષમાં પૂરા ૧૨ ગેસના બાટલા સબસીડીથી સસ્તા દરથી ગુજરાતની જનતાને કોંગ્રેસની સરકાર પૂરી પાડશે.

કોંગ્રેસ ગુજરાતમાં આમ જનતા માટે જે સમતુલિત વિકાસ અને સુવિધાઓ આપવા માંગે છે તેના વિકાસના મુદ્દાઓ જાહેર કરે છે. કોંગ્રેસની વિકાસદર્શનની જાહેરાતો એ રાજકીય નહીં, પરંતુ તમામ નિષ્ણાતો સાથે ચર્ચાને અંતે ગુજરાતની જનતાની જરૂરિયાતો અને સામે નાણાંકીય સંસાધનને લક્ષમાં રાખીને કરવામાં આવે છે. આ તમામ જાહેરાતોને અનુરૂપ કોંગ્રેસ સરકાર બનશે તો સંપૂર્ણ પરિણામ આપીને જ રહેશે.

વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અગાઉ હિન્દુ-મુસ્લિમ વિભાજીત કરીને રાજ્યના ભોગે મતોનું રાજકારણ કરી ચૂક્યા છે. હવે ગુજરાતની જનતાને આ રીતે ગુમરાહ કરી શકાય તેમ નથી માટે સદ્‌ભાવનાનું નાટક કર્યું, પરંતુ તેમાં પણ ગુજરાતની જનતાને લાગ્યું કે અમારા કરોડો રૂપિયા ઉડાવી દઈને માત્ર મતોની રાજનીતિ થાય છે. હવે ૧૨ વર્ષ પૂરા થયા છે ત્યારે કામના નામે કે રામના નામે કે વિભાજનની નીતિના નામે અથવા તો સદ્‌ભાવનાના નાટકના નામે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી મતો મેળવી શકે તેમ નથી. ૧૨ વર્ષના શાસનમાં પોતે કોઈ એવું કામ કર્યું નથી કે કરેલા કામના નામે મતો માંગી શકાય અને તેથી જ હવે વિવેકાનંદજીનું નામ રાજકીય રોટલો શેકવા માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વાપરી રહ્યા છે. વિવેકાનંદજીએ કહ્યું હતું કે, "જે ધર્મ કે ઈશ્વર એક વિધવા બહેનના આંસુ લુછી શકે નહીં કે ગરીબને રોટી પૂરી પાડી ન શકે તેમજ અનાથ બાળકને યોગ્ય સુવિધા આપી શકે નહીં તેવા કોઈ ધર્મ કે ઈશ્વરમાં હું શ્રદ્ધા રાખતો નથી." હકીકતમાં, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ૧૨ વર્ષનું શાસન વિવેકાનંદજીની આ વિચારધારાથી સંપૂર્ણ વિપરીત રીતે કર્યું છે. ૧૨ વર્ષમાં વિધવા બહેનના પેન્શનમાં એકપણ રૂપિયાનો વધારો કર્યો નથી. કેન્દ્ર સરકારે મનરેગા યોજના દ્વારા ગુજરાતના મહેનતકશ લોકોને રોજી અને રોટી આપવાનો પ્રયત્ન કર્યો તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ લધુત્તમ વેતન દર અન્ય રાજ્યોની સરખામણીએ ઘણું જ નીચું રાખીને ગુજરાતના મહેનતકશ લોકોને રોજીરોટી માટે પૂરૂં મહેનતાણું પણ ન મળે તેવો વહીવટ કર્યો છે. ગુજરાતમાં અનેક બાળકો ગુમ થયા અને તેના પરિવારના આંસુ લુછવાનો પણ પ્રયત્ન ગુજરાતના મુખ્યમંત્રીએ કર્યો નથી. ગુજરાતમાં અનાથ બાળકોના ભવિષ્યની સહેજ પણ ચિંતા કરવામાં આવી નથી. આમ, વિવેકાનંદજીની વિચારધારાથી વિપરીત વહીવટ કરીને હવે સરકારી ખર્ચે વિવેકાનંદજીનું નામ રાજકીય રોટલો શેકવા વટાવવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નીકળ્યા છે તેને ગુજરાતની જનતા ક્યારેય સાથ આપશે નહીં.

સાણંદ ખાતેની જનસભાને સંબોધતાં સંસદસભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે ગુજરાતની સરકારની બક્ષીપંચ અને આમ ગુજરાતી વિરોધી નીતિના અનેક સચોટ દાખલાઓ આપ્યા હતા. અંગ્રેજોની માફક ગુજરાતની જ જનતાને વિભાજીત કરીને ગુજરાતને સૌથી વધારે નુકસાન પ્રવર્તમાન સરકારે કર્યું હોવાનું શ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું.

સાણંદ ખાતેની સભામાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી પ્રેમજીભાઈ વડલાણી, જિલ્લા પંચાયત કોંગ્રેસ પક્ષના નેતાશ્રી મુર્તુજાખાન પઠાણ તથા જિલ્લાના અનેક આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**

અંગત મદદનીશ